જિલ્લાના સરકારી વાહનોમાં પ્રદૂષણ નિયંત્રણની ઐસી તૈસી

ખાનગી વાહન સાથે પ્રદૂષણ ઓકતાં સરકારી વાહન : પ્રદૂષણ અંડર કંટ્રોલ અદ્ધરતાલ

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૫

સરકારે હવામાં વધતું પ્રદૂષણ અટકાવવા માટે તમામ વાહનોમાં પ્રદૂષણની ચકાસણી માટે પ્રદૂષણ અંડર કંટ્રોલ નિયત કર્યું છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાનગી વાહનો તો ઠીક પણ સરકારી વાહનો જ હવામાં ધુમાડા આંકી પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. બંન્ને જિલ્લામાં સરકારી વાહનોમાં પોલ્યુશન અંડર કંટ્રોલના નિયમો અદ્ધરતાલ બની રહ્યા છે. ખાનગી વાહનો માટે પી.યુ.સી. સર્ટી જરૂરી બનાવાયું છે પરંતુ પ્રદૂષણ ફેલાવતા સરકારી વાહનો માટે જાણે કે કોઈ નિયમ જ ન હોય તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર હવામાં ફેલાતું પ્રદૂષણ અટકાવવા માટે નિયમો બનાવે છે પરંતુ ભાગ્યે જ તેનો પૂરેપૂરો અમલ થતો હોય છે. હવામાં ઔદ્યોગિક એકમો પ્રદૂષણ ફેલાવે તો તેમને નોટીસ આપી પ્રદૂષણના કાયદા અંતર્ગત કાર્યવાહી કરવામાં આવતી હોય છે પરંતુ સરકારી એકમો હવામાં પ્રદૂષણ ફેલાવે તો તેમની સામે પગલાં ભરવામાં પીછેહઠ થતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારી વાહનો રોજ ધુમાડા આંકી હવાને પ્રદૂષિત કરી રહ્યા છે પરંતુ જેમ સરકારી એકમો સામે કોઈ પગલાં ભરાતાં નથી તેમ સરકારી વાહનો સામે પણ આંખ આડાકાન તંત્ર કરતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામાં સરકારી બાબુઓ ઠાઠથી વાહનમાં બેસીને ઓફીસથી આવ-જા કરે છે પરંતુ વાહનના સાયલેન્સરમાંથી નિકળતા ધુમાડાના ગોટેગોટા તેમને નજરે પડતા નથી. જિલ્લામાં પુરવઠા, મધ્યાહન શાખા, ખાણખનિજ, માર્ગ અને મકાન વિભાગ સહિતના અન્ય વિભાગોના પણ સરકારી વાહનો હવામાં ખાનગી વાહનો સાથે ધુમાડો આંકી પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. જિલ્લામાં સરકારી વાહનો માટે પ્રદૂષણના કોઈ કાયદા જ અમલમાં ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામાં ખાનગી વાહનો માટે પી.યુ.સી. સર્ટી જરૂરી બનાવાયું છે પરંતુ પ્રદૂષણ આંકતા સરકારી વાહનોની પ્રદૂષણ નિયંત્રણ અંતર્ગત કોઈ ચકાસણી થતી ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામાં સરકારી વાહનો સાથે સલામત સવારી, એસ.ટી. અમારી પણ પ્રદૂષણ આંકવામાં અગ્રેસર રહી છે પરંતુ સરકારના વિભાગોમાં દોડતાં વાહનોનું પ્રદૂષણ નિયંત્રણ ચકાસવાવાળું કોઈ જ ન હોવાથી સરકારી વાહનોના પ્રદૂષણથી પર્યાવરણને માઠું નુકસાન પહોંચી રહ્યું છે.

સાબરકાંઠા જિલ્લાના કામો ક્વોલિટી વાળા થાય અને ઝડપી પૂર્ણ થાય : ડૉ. કુબેર ડીંડોર

ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને છૂટા છવાયા પોકેટ વિસ્તારના ૯૧૮ કામો ૧૮,૫૯૧ લાભાર્થી વર્ષ ૨૦૨૧-૨૨ના નાણાકીય જોગવાઈ સામે રૂ. ૧૭૦૯.૫૭ લાખનું આયોજન મંજૂર

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ કચેરી ખેડબ્રહ્મા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ ગુજરાત પેટર્નની નાણાકીય જોગવાઈ સામે કરવામાં આવેલ આયોજન અંગે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી અને જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને તા. ૨૫/૧૦/૨૦૨૧ ના સોમવારે ૧૧:૦૦ કલાકે કલેકટર કચેરી સભાખંડ હિંમતનગર ખાતે મળી હતી. જેમાં વિકાસકામોને મંજૂર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાંસદ લોકસભા શ્રી દિપસિંહ રાઠોડ, રાજ્યસભાના સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધીરજભાઈ પટેલ અને ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી વડા અને જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંઘવાન, પ્રાયોજના વહીવટદાર શ્રી ચૌધરી અને અમલીકરણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા અને મંત્રીશ્રી નું આગમન સમયે બુકે થી સ્વાગત કર્યું હતું. જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર પ્રથમ બેઠકમાં જિલ્લાનાં પદાધિકારી અને અમલીકરણ અધિકારીઓ નો

પરિચય મેળવ્યો હતો અને બેઠકને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આદિજાતિ વિસ્તારના વિકાસના કામો ઝડપી થાય તથા સ્થાનિક પદાધિકારી અને ચૂંટાયેલા સાંસદશ્રી, ધારાસભ્યશ્રી સંગઠનના પદાધિકારીને પરામર્શમાં રહીને સંકલન કરી વિકાસ કામો થાય તે જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હું સાબરકાંઠા બૃહદ જિલ્લા સાથે મારો છેલ્લો ૨૯ વર્ષથી કર્મભૂમિ તરીકે રહ્યો છે અને આ જિલ્લાના પ્રભારી બનતા સૌ સાથે મળીને વિકાસ કામોને વેગ આપીએ આગળ વધીએ આદિજાતિ વિસ્તારના કામો સમયસર થાય તે જોવા તમામ અમલીકરણ અધિકારીઓને તાકીદ કરું છું અને તાંત્રિક અને વહીવટી દરખાસ્તો ઝડપથી મોકલીને અધૂરા કામો જે બાકી છે તે પૂર્ણ કરીને મંજૂર થયેલા કામો વહેલી તકે શરૂ કરીને જનસુખાકારી ની સુવિધા ઉપલબ્ધ કરે, અમલીકરણ અધિકારીઓ કામનું મોનીટરીંગ કરે. આ પ્રસંગે પ્રાયોજના વહીવટદાર શ્રી એ. આર. ચૌધરી દ્વારા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ હેઠળ આવરી લેવાયેલા કામો તેમજ ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૧-૨૨ રજૂ કર્યું હતું. અને સરદ વાઈઝ કામોની વિગતો પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતા. જેમાં આદિજાતિ વસતિ ધરાવતા ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને ઈડર, વડાલીના છુટા છવાયા પોકેટ વિસ્તારના કામો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં વસ્તી પ્રમાણે જોગવાઈ કરાયેલ, ૧૫૯૩.૩૮ લાખમાં જોગવાઈ સામે કરેલ આયોજન રૂ. ૧૭૦૭.૫૭ લાખ મળી કુલ ૯૧૮ કામોનો સમાવેશ થાય છે. જે અંતર્ગત ૧૮૫૯૧ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા છે. આમ ૧૦૭.૧૭ ટકાનું આયોજન કરવામાં આવેલ છે. જેને પ્રભારી મંત્રીશ્રીએ મંજુર કર્યું હતું અને વિવિધ સદર વાઈઝ ૨૧ વિભાગો જેવા કે પાક અને કૃષિ, બાગાયત,ખેતી, પશુપાલન, ડેરી, મત્સઉધોગ,વન પર્યાવરણ, સહકાર, ગ્રામ વિકાસ, સિંચાઈ વિસ્તાર વિકાસ, વિજળી, લઘુ ઉધોગ, રસ્તા પુલ, નાગરિક પુરવઠા,સામાન્ય શિક્ષણ, તાંત્રિક શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠો, શ્રમ અને રોજગાર આદિજાતિ, મધ્યાન ભોજન યોજના જેવા કામો આયોજનમાં લેવામાં આવ્યા છે. ખેડબ્રહ્મા ૨૬૯ કામો પોશિનાના ૩૭૮ કામો વિજયનગર ૨૨૨ કામો ઈડરના ૩૫ કામો છૂટાછવાયા આદિજાતિ વિસ્તારના ૧૪ કામોનો સમાવેશ થાય છે અને સ્પીલ ઓવર કામોની સમીક્ષા કરાઈ હતી અને રજુ થયેલા કામોની મંજૂર કર્યા હતા.

જન્મદિને વધામણી

રાધિકાબેન સમીરભાઈ સોની
સાઠંબા (અમદાવાદ)

નૈયા બી. પટેલ
મોડાસા (સાયરા)

બળદેવસિંહ સોનસિંહ પરમાર
જય માતાજી સબમર્સીબલ મોટર ગાંભોઈ
મુ.ભાવપુર, તા.હિંમતનગર
જી.સાબરકાંઠા.

હિંમતનગરમાં અસાઈત નાયક સમાજ કાર્યાલયનો શુભારંભ

જિલ્લા મથકે સામાજિક સંપર્ક મજબૂત થશે

સરડોઈ,તા.૨૫

સાબરકાંઠાના હિંમતનગર ખાતે અસાઈત નાયક સમાજ ના કાર્યાલયનો શુભારંભ થયો છે. જિલ્લા મથકે સામાજિક સંપર્ક વધુ મજબૂત થાય તેવા આશયે કાર્યાલય શરૂ કરવામાં આવતાં નાયક સમાજમાં આનંદ છવાયો છે. અસાઈત નાયક સમાજ યુવા સંગઠન દ્વારા વિવિધ સામાજિક કાર્યો થઈ રહ્યા છે.જેમાં શ્રી નવસંસ્કરણ નાયક વિકાસ મંડળ ના પ્રમુખ પદે સમાજ પ્રેમી ડો.જગદીશ ભાઈ ની નિયુક્તિ બાદ સામાજિક કાર્યો ને વેગ મળ્યો છે .સમાજ કાર્યો ને આગળ લઈ જવા જિલ્લા મથકે કાર્યાલય ખોલવામાં આવ્યું છે.રવિવારે યોજાયેલા કાર્યાલયના કાર્યક્રમમાં અસાઈત નાયક યુવા સંગઠન પ્રમુખ ડો.અતુલ ભાઈ નાયક, યુવા સંગઠન ના સભ્યો સહિત આમંત્રિતો એ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

ધાનેરાના શહેરી વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ રાત્રે મોડી શરૂ થાય છે અને સવારે વહેલી બંધ થઈ જતા પ્રજાએ અંધારપટનો ભારે સામનો કરવો પડી રહ્યો છે

અત્યારે શિયાળાની સિઝનની શરૂઆત થઈ જવા પામી છે ત્યારે દિવસ પણ વહેલો આથમી જાય છે અને સાડા છ થી સાત વાગ્યાના સમય દરમ્યાન અંધારપટ છવાઈ જવા પામે છે પરંતુ ધાનેરા શહેરના નગરપાલિકા વિસ્તારમાં આવેલી સ્ટ્રીટલાઇટના રાત્રે ૭:૩૦ વાગે ચાલુ થાય છે એટલે લોકોને અડધા કલાક કરતાં પણ વધુ સમય અંધારપટ નું સામનો કરવો પડી રહ્યો છે જેથી કરીને લોકો પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે તો બીજી તરફ સવારે પણ સ્ટ્રીટ લાઈટ પાંચ વાગ્યાની આજુબાજુ બંધ થઈ જાય છે જેથી કરીને સવારે મોર્નિંગ વોક માં જતા લોકોને પણ ભારે અંધારપટ નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ધાનેરાના લોકોની માંગ છે કે હવે દિવસ વહેલા આથ મી જાય જેથી કરીને સ્ટ્રીટ લાઈટ ટાઈમ સર શરૂ કરવામાં આવે અને ટાઈમસર બંધ કરવામાં આવે તો બીજી તરફ બિન સત્તાવાર રીતે એવું પણ જાણવા મળ્યું છે કે સ્ટ્રીટ લાઈટ ટાઈમર અન્ય કંપની પાસે છે અને જે નો ટાઈમિંગ એક કંપની જ નક્કી કરે છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે ધાનેરાના શહેરી વિસ્તારમાં ફ્લાઈટ ટાઈમ શરૂ થાય છે કે નહીં

ડીસા તાલુકાના ભડથ ગામે જૈન યાત્રિક ભવનમાં ચોરી

રોકડ તેમજ ચાંદીની સાંકળ મળી રૂ.૧,૩૭,૧૦૦ના મુદામાલની ચોરી

ડીસા, તા. ૨૫

ડીસા તાલુકાના ભડથ ગામે આવેલા જૈન યાત્રીક ભવનમાં મુખ્ય દરવાજો તોડી કોઈ અજાણ્યા તસ્કરો રોકડ તેમજ ચાંદીની સાંકળ મળી કુલ ૧,૩૭,૧૦૦ રૂપિયાની ચોરી થતા આ બાબતે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા પંથકમાં શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થાય તે પહેલાં જ તસ્કરો મેદાનમાં આવી.ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે તેમાં પણ ડીસા પંથકમાં તો તસ્કરો આસ્થા સ્થાનકો સમા ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવી રહ્યાં છે ત્યારે શનિવારે ડીસા નજીક આવેલા જૈન યાત્રાધામ એવા ભડથ ગામે આવેલા જૈન મન્દિર ખાતે ચોરી થવા પામી છે જેમાં ગામના જૈન દેરાશરની નજીક આવેલા યાત્રીક ભવનની અંદર શનિવારની રાત્રીએ કોઈ અજાણ્યા તસ્કરોએ ભવનનો મુખ્ય દરવાજો તોડી અંદર પ્રવેશ કરી યાત્રીક ભવનની તિજોરીમાં પડેલ ૧,૨૭,૧૦૦ ની રોકડ તેમજ ચાંદીની સાંકળ (કિંમત ૧૦,૦૦૦) મળી કુલ રૂ. ૧,૩૭,૧૦૦ મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા .આ ચોરીની જાણ યાત્રીક ભવનના સુપરવાઈઝર અશોકભાઈ દીપાજી શાહને થતા આ મામલે તેમણે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

પાલનપુરમાં મહિલાઓ દ્વારા પતિના લાંબા આયુષ્ય માટે કડવાચોથનુ વ્રત કર્યુ હતુ.જેમાં દિવસ દરમિયાન અન્ન -જળ વિના આ વ્રત કરે છે.જેમાં રાત્રિ દરમિયાન ચંદ્રદેવની પૂજા કરી પતિના હાથે વ્રત ખોલે છે.આ વ્રતનો ગણો અનોરો મહિમા છે.

કલતખાને લઈ જવાતા ૩૦ પશુઓને પોલીસે અને જીવદયા પ્રેમીયોએ બચાવ્યા

પાલનપુર, તા. ૨૫

પાલનપુર તાલુકાના ખેમાણા નજીકથી શનિવારે જીવદયા પ્રેમીયો અને પોલીસે પાડા-પાડીને ક્રૂરતા પૂર્વક ભરી કતલખાને લઈ જવાતી ટ્રકને ઝડપી લીધી હતી.જેથી જીવદયા પ્રેમીયોની ફરીયાદના આધારે પોલીસે રૂ.૫,૪૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દાંતીવાડા કોલોની ખાતે રહેતા વેપારી હીમાલયકુમાર માલોસણીયા તેમના મિત્રો મનિષભાઇ,જયેન્દ્રસિંહ વાઘેલા શનિવારે રાત્રીના સમયે અમીરગઢથી પાલનપુર ગાડીમાં આવી રહ્યા હતા.તે સમયે તેમની ગાડીની આગળની ટ્રકમાં પશુઓની ચીચીયારીનો અવાજ આવતા ગાડીમાં ક્રૂરતા પૂર્વક પશુ ભરેલા હોવાની શંકા ગઈ હતી.જેથી હીમાલયકુમાર દ્વારા પોલીસ કંટ્રોલ રૂમ પર જાણ કરવામાં આવતા પોલીસની ટ્રકને ખેમાણા ટોલનાકા નજીક આવી ગઈ હતી.અને જીવદયા પ્રેમીયો અને પોલીસે ટ્રકની તલાશી લેતા તેમા ૨૯ પાડા અને એક પાડી કુલ મળી ૩૦ પશુઓને ક્રૂરતા પૂર્વક ભરેલા હતા.અને ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કરવામાં આવી ન હતી.જેથી ટ્રકને પોલીસ સ્ટેશન લઈ તપાસ કરતા ચાલકે જણાવ્યુ હતુ કે આ પાડા-પાડી સોજત (રાજસ્થાન)થી ભરી અમદાવાદ મંડી બજારમાં લઈ જવાના હોવાનું જણાવ્યુ હતુ.તેમજ પશુઓ અંગે કોઈ પરમીટ પણ ન હોવાથી જીવદયા પ્રેમી હીમાલયકુમાર દ્વારા ટ્રક ચાલક શાહરૂખખાન મીસરીખાન બલોચ રહે.વાગડોદ તા.પાટણ સામે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીની અટકાયત કરી ટ્રક સહીત ૫,૪૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભૂતિયા વિદ્યાર્થીઓનું દૂષણ અટકાવવા વિભાગે પરિપત્ર કર્યો

ઉત્તર ગુજરાતની શાળાઓમાં વર્ગ વધારે જાળવી રાખવા ભૂતિયા વિદ્યાર્થીઓની બોલબાલા માત્ર ઓનલાઈન હાજરી લેવાય છે, થમ્બ પ્રિન્ટ લેવાય તો સનસનાટી મચી જાય : વર્ગ દીઠ રેસીયો પટાય તો આચાર્ય-સંચાલધે ખોટું કરતાં અટકે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

ઉત્તર ગુજરાતની શાળાઓમાં વર્ગ વધારે જાળવી રાખવા ભૂતિયાં વિદ્યાર્થીઓની બોલબાલા વધ્યાના ચણભણાટ વચ્ચે માત્ર ઓન લાઈન હાજરી લેવાય છે અને તેમાં ખો ટહાજરી પરા પૂરતી હોય તેવું સંભવ બને આ સંજોગોમાં થમ્બ પ્રિન્ટ લેવાય તો ભૂતિયા વિદ્યાર્થીઓનું કેટલાક શાળા સંચાલ તારા ચલાવવામાં આવતું રેકેટ બહાર આવી શકે છે . ખોટી હાજરીપૂરવા માટે શિકણ વિભાગ પણ જવાબદાર છે. ટ્રેપ આઉટ રેસિયા વધ્યા છે ત્યારે વર્ગદીઠ વિદ્યાર્થી રેસીયો શહેરમાં ૪ પ્લસઉ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪મ સરપ થાય તો અનેકવિટંબણાઓનો અંત આવી શકે છે. ભૂતિયાં વિદ્યાર્થીઓનું દૂષા આવવા છેવટે મિશ્રર શાળાઓની ક્વેરી-ગાંધીનગર દ્વારા પરીપત્ર કરી કોવિડ-૧૯મહામારી સંક્રમણની પરિસ્થિતિ યથાવત રહેવા પામેલ હોઈ શિક્ષણ વિભાગના તા.૨૧-૧-૨૦૨૦ના ઠરાવથી મળેલ છટ વર્ષ-૨૦૨૧-૨૨માં પણ યથાવત રાખવા અંગે શિક્ષણ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ છે. જેથી આગામી સૂચના ન આપવામાં આવે ત્યાં સુધી વર્ગ પાડવાની પ્રક્રીયા સબબ સ્થગિત રાખવા તમામ ડી.ઈ.ઓ.ને સૂચના આપવા માં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત સરકારના શિકરા વિભાગ દ્વારા શિક્ષણમાં સુધારો લાવવા અનેક વિવિધ પ્રયત્નો કરવામાં આવ્યા છે. શિક્ષણમાં અસરકારકતા લાવવા માટે ગ્રાસ ઉપર મનોમંથન કરવાનો સમય આવી ગયો છે. હાલમાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યામાં સુધારો કરવો અનિવાર્ય બન્યો છે. કેરીનાની મહામારી પછી શાળાઓમાં વિદા ર્થીઓની હાજરી ચિંતાની બાબત બની છે. વસતી નિયંત્રણ અને ડ્રોપ આઉટ રેસીયો પરા હાલ વર્ગો અને શિવના રેસીયો જાળવવામાં અડચણરુપ બની રહ્યા છે. સરકાર દ્વારા ભૂ તથા બાઝે દૂર કરવાની ઝુંબેશ દોઢ દાયબ્રા અગાઉ શિક્ષણ મંત્રી તરીકે આનંદીબેન પટેલ હતા ત્યારે શરુ કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં ભૂતિયાં વિદ્યાર્થીઓ મળી આ વતાં અનેક વર્ગો બંધ થયા. વર્ગો બંધ થતાં કાજલ પડેલા વ્યવસાયલટીના શિક્રેને આજે પણ શિતકની કેડરમાં સમાવવા બાબતે સરકારના રહી છે. કેટલાક વ્યવસાય લક્ષી શશ્ર બિનશૈક્ષણિક મહેકમમાં ફરજ બજાવી રહ્યા છે. પરવાળાનો રેસીયો પણ વિદાર્થીઓની સંખ્યામાં પ્રમાણમાં પાડવામાં આવતાં જયાં છે ત્યાં અને ૩-૩ પસવાળા છે. યાં નથી ત્યાં એકપણ પગવાળો નથી. આવી બાબત રાજય સરક્ષર અને શિક્ષણ વિભાગે ધ્યાને લઈ વિદ્યાર્થીઓના પ્રમાણમાં પસવાળાનો રેસીયો વધારો કરવાનો સમય આવી ગયો છે. પરીક્ષા, હાજરી કે અન્ય બાબતે કોઈપણ દબાણ હેઠળ ખોટું કરવું પડે નહીં. વગ બંધ કરવાથી મંડળની ગ્રાન્ટમાં પ થવાના પ્રશ્નોને લઈ શાળાના આચાર્યો, બ્રર્યકરીઆચાર્યો વરાશિત પર ખોટી હાજરી પૂરવા બાબતે દબાણ થતા હોય છે તે અક્ષવીશશ્રય. પરીઢા સમ યે પણ આવા વિદ્યાર્થીઓના પરિણામો તૈયાર કરવા બાબતે વિષયશિત અને વર્ગ શિવની મૂંઝવણ દૂર થઈ શકે. તાજેતરમાં ન્યાય માટે અવાજ ઉઠવનારા અનેકશિત બ્રેને મંડ જોની મનમાનીનો ભોગ બની શસ્તભંગ "જેવી કાર્યવાહીના ભોગ બનવું પડ્યું છે. મંડળો ગ્રાન્ટના સ્વાર્થમાં અને કર્મચારીઓ કાજલ થવાની બીકમાં ખોટું કરી રખાનું અસ્થાને નથી ત્યારે શિક્ષણના હીતમાં રાજય સરકારે સત્વરે પગલાં લેવાં જોઈએ. સરકારના શિક્ષણ વિભાગમાં બેઠેલા વગદાર સુબેદારો વરા સરકારને આપવામાં આવતી માહિતીની સરકારના મંત્રીઓએ જાત તપાસ કરીને જ ઠરાવો અને પરીપત્રો કરવા જોઈએ.

અગાઉનો પરીપત્ર શું છે..??

ગુજરાત રાજ્ય માધ્યમિક શિકાર બોર્ડના સંયુક્ત શિકરા નિયામક કારા તા.૨૧ ઓક્ટોબર-૨૦૦૧ ના રોજ પરીપત્ર કરીને બીજી સૂચના આપવામાં આવે ત્યાં સુધી વર્ગ થરાની પ્રક્રીયા સ્થગિત કરવાનું તમામ ડી.ઈ.ઓ.નેજણાવવામાં આવ્યું છે. વર્ષ-૨૦૨૦ના ઠરાવથી રાજ્યની અનુદાન મેળવતી મા. અને ઉ.મા. શાળાઓમાં ધો.૯ થી ૧૨ ના વર્ગમાં વર્ગદીઠવિદ્યાર્થી સંખ્યામાં છૂટછાટ આપી શહેરી વિસ્તારમાં પ્રથમ વર્ગ ૩૬ ને બદલે ૨૫વિદાર્થી સંખ્યા અને એક કરતાં વધારે વર્ગો માટે ૬૦ પ્લસઉને બદલે ૨ ણ સરપ તથા ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ વર્ગમાં ૨૪ને બદલે ૧૮વિદ્યાર્થી સંખ્યા અને એક કરતાં વધારે વર્ગો માટે પ્લસ ૨જને બદલે ૪૨ પ્લસ ૧૮ વિદ્યાર્થી સંખ્યા સાથે વર્ગો ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી યથાવત રાખવાની મંજૂરી આપવામાં આવી છે.

ધો.૧માં પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશની સમીક્ષા થવી જોઈએ

ઉત્તર ગુજરાત સહિત રાજ્યની શાળાઓમાં વર્ગો અને શિક્ષકો રાખવા માટે ભૂતિયાં વિદ્યાર્થીઓની ભરમાર ઉભી ર્યાના આરોપ લાગ્યા છે ત્યારે એક શિક્ષણવિદ જણાવ્યું કે સરકારે ડ્રેપ આઉટ રેસીયો જાળવવા ધો.૧ માં પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને ધો.૧૦માં પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યાનો રાજ્ય વ્યાપી અભ્યાસ હાથ ધરવામાં આવે તો વર્ષે હજારોની સંખ્યામાં ડ્રોપ આઉટનો રેસીયો જાણી શકાય તેમ છે.

ફીગર પ્રિન્ટ સીસ્ટમ લાવવાની વાતો કાગળ ઉપર

શાળાઓમાં વિદ્યાર્થીનીઓનલાઈન હાજરીમાં પણ ગરબો શરુ થઈ છે ત્યારે ઈંગર પ્રિન્ટ સીસ્ટમ લાવવાની વાતો પણ બ્રગળ પરનરહી જાય તે અંગે સમ્બરે વિચારવું પશે. ગુણોત્સવ બાદ પણ ધો.૧-૧૨ના પરિણામોમાં સર્વે થાય તો ગુણોત્સવના ગ્રેડની પોલ પણ ખુલ્લી પડી શકે છે. સરકારના આંકની રાજનીતિમાંથી બહાર આવી અસરકારક રાજનીતિ કરે તે ગુજરાતના શિક્ષણ ભવિષ્યના હીતમાં છે.